# CTS તેમજ CARINGS ટ્રેનિંગ અહેવાલ

તારીખ:- ૨૧/૧૦/૨૦૧૫.

સમય:- ૯:૦૦ થી ૫:૦૦ કલાક.

સ્થળ:- શ્રી ખીલચંદ લક્ષ્મીચંદ બહેરા મુંગા શાળા, વિદ્યાનગર,ભાવનગર.

તાલીમ આપનાર:- પલકબેન પંડ્યા,GSCPS - ગાંધીનગર.

સૌપ્રથમ તાલીમની શરૂઆતમાં એકબીજાનો પરિચય તેમજ તાલીમાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ તેમાં GSCPS અધિકારીશ્રીઓ, DCPU સ્ટાફ-ભાવનગર & અમરેલી, JJB,CWC,CCI નાં ઓપરેટર તેમજ અધીક્ષક મળીને કુલ તાલીમાર્થીઓની સંખ્યા ૨૯ હતી. ત્યારબાદ તાલીમકાર દ્વારા પ્રથમ સેશનની શરૂઆત કરવામાં આવેલ જેમાં તેઓ દ્વારા ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમનું પ્રેજેન્ટેશન દ્વારા સિસ્ટમની શરૂઆત સામાન્ય જાણકારી, CTS સિસ્ટમનો ઉપયોગ અને તેના મહત્વ વિશે સમજુતી આપવામાં આવેલ. જિલ્લામાં ક્યાં સ્તરે કયા ફોર્મની એન્ટ્રીની કામગીરી કરવાની હોય તેના વિશે સમજુતી આપવામાં આવેલ.

ત્યાર પછી બીજા સેશનમાં CTS સિસ્ટમમાં એન્ટ્રી માટે ભૂમિકા અને જવાબદારીની CTS નાં હિતધારકોમાં રાષ્ટ્રીય સ્તરે, રાજ્ય સ્તરે, જિલ્લા સ્તરે, તાલુકા/પોલીસ સ્ટેશન સ્તરે તેમજ અન્ય સ્તરે હિતધારકો વિશે વિગતે સમજુતી આપવામાં આવેલ. તેમજ જિલ્લા સ્તરે કાર્યરત તંત્રો દ્વારા CTS સિસ્ટમમાં નિયમિત અને સાચી એન્ટ્રી થાય તે બાબતે જરૂરી મોનીટરીંગ કેમ કરવું તેના વિશે સમજાવેલ. JJB તેમજ CWC કમિટીમાં આવતા બાળકોની વિગતે એન્ટ્રી કરવા માટે સમજુતી આપવામાં આવેલ. તેમજ CARINGS સિસ્ટમમાં કઈ રીતે રજીસ્ટેશન કરવું, બાળકોની વિગતો તેમજ રિપોર્ટ અને એડોપ્શન ગાઈડલાઈડ મુજબ ત્યજાયેલા બાળક વિશે ટુંકમાં સમજુતી આપવામાં આવેલ.

ત્યારપછી ત્રીજા સેશનમાં CTS સિસ્ટમમાં કરવામાં આવતી એન્ટ્રી માટે જિલ્લા સ્તરે(DCPU) લોગીન કરીને બાળકોનાં ફોર્મ, રિપોર્ટ્સ તેમજ જિલ્લા સ્તરે કરવામાં આવતા બાળકોનાં કાર્યક્રમ, મીટીંગ, પ્રસાર પ્રચારની પ્રવૃતિઓ વગેરે રિપોર્ટ્સ કઈ રીતે અપલોડ કરવા તેના વિશે સમજુતી આપવામાં

આવેલ. JJB અને CWC નાં લોગીન દ્વારા ફોર્મ:- I & J ની એન્ટ્રી વિગતવાર સંપૂર્ણ માહિતી તેમજ CCI નાં લોગીન દ્વારા ફોર્મ:- ૨૦ અને ૨૧ ની એન્ટ્રી કેવી રીતે કરવી તેના વિશે સમજુતી આપવામાં આવેલ.

ત્યારબાદ પ્રોગ્રામ મેનેજર,GSCPS દ્વારા ચાઈલ્ડ પ્રોટેક્શન તેમજ CTS સિસ્ટમમાં કરવામાં આવતી એન્ટ્રી માટે બંને જીલ્લાઓનાં DCPU દ્વારા નિયમિત મોનીટરીંગ અને એન્ટ્રી થાય તેના વિશે સુચનો આપવામાં આવેલ.

અંતમાં DCPU નાં સંસ્થાકીય સંભાળ અધિકારી દ્વારા ઉપસ્થિત તમામ સ્ટેટ લેવલના GSCPSનાં અધિકારીશ્રીઓ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, બંને જીલ્લાના DCPU નાં કર્મચારીઓ, JJB, CWC નાં ઓપરેટર, CCI નાં અધીક્ષક, કર્મચારીઓ તેમજ તાલીમ બાબતે વ્યવસ્થા પુરી પાડનાર શ્રી ખી.લી. બહેરા મુંગા શાળાનો આભાર માની ટ્રનિંગ પૂર્ણ કરવામાં આવેલ.

## ફોટો ગેલરી







DCPU-ભાવનગર, અમરેલી, JJB, CWC તેમજ CCI નાં તાલીમાર્થીઓને CTS સિસ્ટમની તાલીમ આપી રહેલ પલકબેન પંડ્યા, આસી /કોમ્પ્યુટર ઓપરેટર,GSCPS-ગાંધીનગર.



